નરીન-સોલ્ટની વિક્રમી ભાગીદારીથી KKRએ 262નો લક્ષ્યાંક મૂક્યો

કેકેઆર વતી સુનિલ નરીન અને ફિલ સોલ્ટે મળીને પ્રથમ વિકેટની 10.2 ઓવરમાં જ 138 રનની ભાગીદારી કરી

સોલ્ટના 37 બોલમાં 75 અને નરીનના 32 બોલમાં 71 રનની મદદથી કોલકાતા નાઇટ રાઇડર્સે 6 વિકેટે 261 રન બનાવ્યા

કોલકાતા, તા. 26 : આઈપીએલમાં આજે શુક્રવારે અહીં રમાયેલી મેચમાં ફિલ સોલ્ટ અને સુનિલ નરીનની તોફાની અર્ધસદીઓ અને બંને વચ્ચે પ્રથમ વિકેટની 10.2 ઓવરમાં 138 રનની વિક્રમી ભાગીદારીની મદદથી કોલકાતા નાઈટ રાઈડર્સે 6 વિકેટના ભોગે 261 રનનો સ્કોર બનાવીને પંજાબ કિંગ્સની સામે મેચ જીતવા માટે 262 રનનો લક્ષ્યાંક મૂક્યો હતો.

પંજાબ કિંગ્સે ટોસ જીતીને ફિલ્ડીંગ પસંદ કર્યા પછી કેકેઆરને હંમેશ મુજબ નરીન અને સોલ્ટની જોડીએ તોફાની શરૂઆત અપાવી હતી.

બંનેએ મળીને બોર્ડ પર ઝડપથી 100 રન મૂકી દીધા હતા અને 11મી ઓવરના બીજા બોલે જ્યારે નરીન આઉટ થયો ત્યારે સ્કોર બોર્ડ પર 138 રન બોલતા હતા. તે પછી સોલ્ટ પણ 75 રન કરીને આઉટ થયો હતો. વેંકટેશ અય્યરે તે પછી આન્દ્રે રસેલ, શ્રેયસ અય્યર સાથે ટૂંકી ભાગીદારીઓ કરીને કેકેઆરના સ્કોરને 261 રન સુધી લઈ જવામાં મહત્વની ભૂમિકા ભજવી હતી. રસેલ 12 બોલમાં 24 અને શ્રેયસ 10 બોલમાં 28 જ્યારે વેંકટેશ 23 બોલમાં 39 રન કરીને આઉટ થયા હતા.

કોલકાતા નાઇટ રાઇડર્સ	રન	બોલ	4	6
સોલ્ટ બો.કરન	75	37	6	6
નરીન કો.બેયરસ્ટો બો.ચાહર	71	32	9	4
વેંકટેશ રનઆઉટ	39	23	3	2
રસેલ કો.હર્ષલ બો.અર્શદીપ	24	12	2	2
શ્રેયસ કો.રબાડા બો.અર્શદીપ	28	10	1	3
રિન્કુ કો.આશુતોષ બો.હર્ષલ	5	4	1	0
રમનદીપ નોટઆઉટ	6	3	0	1
વધારાના	13			
કુસ (20 ઓવર્સમાં 6 વિકેટે)	261			

વિકેટપતન : 1/138, 2/163, 3/203, 4/246, 5/253, 6/261

બોલિંગ	O	M	R	W
સેમ કરન	4	0	60	1
અર્શદીપ સિંહ	4	0	45	2
હર્ષલ પટેલ	3	0	48	1
કગિસો રબાડા	3	0	52	0
રાહુલ ચાહર	4	0	33	1
હરપ્રીત બ્રાર	2	0	21	0

આઇપીએલ પોઇન્ટ ટેબલ

ક્રમ	ટીમ	મેચ	જીત	હાર	પોઇન્ટ	રનરેટ
1	આરઆર	8	7	1	14	0.698
2	કેકેઆર	7	5	2	10	1.206
3	એસઆરએચ	7	5	2	10	0.914
4	એલએસજી	8	5	3	10	0.148
5	સીએસકે	8	4	4	8	0.415
6	ડીસી	9	4	5	8	-0.386
7	જીટી	9	4	5	8	-0.974
8	એમઆઇ	8	3	5	6	-0.277
9	પીબીકેએસ	8	2	6	4	-0.292
10	આરસીબી	8	1	7	2	-1.046

IPLમાં આજે ડબલ હેડરમાં દિલ્હી અને લખનૌ ખાતે જામશે બે જંગ

આત્મવિશ્વાસસભર દિલ્હીનો સામનો ખરાબ ફોર્મથી ઝઝુમતી મુંબઈ સાથે

દિલ્હીનો ઉદ્દેશ જીતની રિધમ જાળવી રાખવાનો, મુંબઇનો ઇરાદો અભિયાન પાટે ચડાવવાનો

નવી દિલ્હી, તા. 26 (પીટીઆઈ) : આઈપીએલમાં આવતીકાલે શનિવારે રમાનારી ડબલ હેડરની પહેલી મેચમાં બપોરે 3.30 વાગ્યે અહીં જ્યારે ઋષભ પંતના શાનદાર ફોર્મ અને શાનદાર કેપ્ટનશિપના કારણે આત્મવિશ્વાસથી ભરેલી દિલ્હી કેપિટલ્સ ખરાબ ફોર્મ સાથે સંઘર્ષ કરી રહેલી મુંબઈ ઈન્ડિયન્સ સામે મેદાને ઉતરશે ત્યારે તેનો ઉદ્દેશ જીતની રિધમ જાળવી રાખવાનો રહેશે, જ્યારે મુંબઇ તેના અભિયાનને પાટે ચડાવવા માગશે.

દિલ્હી કેપિટલ્સે ટુર્નામેન્ટમાં ટુકડાઓમાં સારું પ્રદર્શન કર્યું છે, ઘણી મેચોમાં અદભૂત જીત નોંધાવી અને અન્ય ઘણી મેચોમાં શરમજનક હારનો સામનો કરવો પડ્યો. જોકે, છેલ્લી ચારમાંથી ત્રણ મેચ જીતીને તે પોઈન્ટ ટેબલમાં છઠ્ઠા સ્થાને પહોંચી ગઈ છે અને જો તે મુંબઈને હરાવશે તો પ્લેઓફ માટે તેનો દાવો મજબૂત થઈ જશે. બીજી તરફ, ખરાબ શરૂઆત બાદ, મુંબઈએ આગલી ચારમાંથી ત્રણ મેચ જીતી હતી પરંતુ છેલ્લી મેચ રાજસ્થાન રોયલ્સ સામે નવ વિકેટે હારી હતી. હવે પોઈન્ટ ટેબલમાં આઠમા ક્રમે રહેલી મુંબઈ માટે આ હાર પણ મોંઘી સાબિત થઈ શકે છે. મુંબઈ ઈન્ડિયન્સે આ સિઝનમાં પોતાની પ્રથમ જીત દિલ્હી સામે નોંધાવી હતી અને કેપ્ટન હાર્દિક પંડ્યા તેનું પુનરાવર્તન કરવા ઈચ્છે છે. રોહિત શર્મા, સૂર્યકુમાર યાદવ અને તિલક વર્માએ પેચમાં સારું પ્રદર્શન કર્યું છે જ્યારે ટિમ ડેવિડ, ઈશાન કિશન અને હાર્દિક મોટી ઈનિંગ્સ રમી શક્યા નથી.

દિલ્હીમાં બપોરે 3.30 વાગ્યાથી અને લખનૌમાં 7.30 વાગ્યાથી શરૂ થનારી મેચનું જીવંત પ્રસારણ સ્ટાર સ્પોર્ટસ નેટવર્ક અને જીયો સિનેમા પર

રાજસ્થાનની નજર જીતનો સિલસિલો જાળવી રાખવા પર એલએસજીનો ઇરાદો બદલો વાળવાનો

જયસ્વાલની ફોર્મમાં વાપસીથી રાજસ્થાનની બેટીંગ મજબૂત બની છે, સ્ટોઇનિસની ફોર્મમાં વાપસી લખનૌ માટે ફાયદાકારક

લખનૌ, તા. 26 (પીટીઆઈ) : આઈપીએલમાં આવતીકાલે શનિવારે ડબલ હેડરની બીજી મેચમાં સાંજે 7.30 વાગ્યે જ્યારે ફોર્મમાં ચાલી રહેલી રાજસ્થાન રોયલ્સ લખનૌ સુપર જાયન્ટ્સ સામે મેદાને ઉતરશે ત્યારે તેમનું ધ્યાન જીતનો સિલસિલો જાળવી રાખવા પર રહેશે જ્યારે લખનૌની નજર અગાઉની હારનો બદલો લેવા પર હશે. માજી ચેમ્પિયન રાજસ્થાન રોયલ્સે આ સિઝનમાં આઠ મેચોમાં સાત જીત નોંધાવી છે અને તેમને હરાવવાનું લખનૌ માટે મુશ્કેલ કામ હશે. બીજી તરફ લખનૌ આઠ મેચમાં પાંચ જીત સાથે ટેબલમાં ચોથા સ્થાને છે.

ગુજરાત ટાઈટન્સ સામેની એકમાત્ર હાર સિવાય, રોયલ્સે આ સિઝનમાં શાનદાર પ્રદર્શન કર્યું છે અને છેલ્લી ત્રણ મેચો સતત જીતી છે. રિયાન પરાગ તેમની બેટિંગની કરોડરજ્જુ સાબિત થયો છે, તેણે આઠ મેચમાં 318 રન બનાવ્યા છે. યશસ્વી જયસ્વાલની ફોર્મમાં વાપસીથી રોયલ્સની બેટિંગ મજબૂત બની છે. મુંબઈ ઈન્ડિયન્સ સામેની છેલ્લી મેચમાં જીતવા માટેના 180 રનના લક્ષ્યાંકનો પીછો કરતી વખતે જયસ્વાલે 60 બોલમાં નોટઆઉટ 104 રન બનાવ્યા હતા, જેના કારણે ટીમે નવ વિકેટે જીત મેળવી હતી. બીજી તરફ, લખનૌ આ સિઝનમાં રોયલ્સ સામે 20 રને મળેલી હારનો બદલો લેવા માંગશે. સતત બે જીત બાદ, કેએલ રાહુલની કપ્તાનીવાળી ટીમ આત્મવિશ્વાસથી ભરેલી છે અને આ મેચ જીતીને, પ્લેઓફ માટે તેનો દાવો નિશ્ચિત કરી શકાય છે. રાહુલ અને તેનો ઓપનિંગ પાર્ટનર ક્વિન્ટન ડી કોક ફોર્મમાં છે.

મારી પાસે દરેક બેટ છે જેનાથી મેં ઇન્ટરનેશનલ સદી ફટકારી છે : રિકી પોન્ટિંગ

ઇન્ટરનેશનલ ક્રિકેટમાં જેનાથી સદી ફટકારી હોય તે બેટ પર તેણે હરીફ ટીમનું નામ અને સ્કોર પણ લખ્યો છે

નવી દિલ્હી, તા. 26 (પીટીઆઈ) : બે વખત વર્લ્ડ કપ વિજેતા ઓસ્ટ્રેલિયાના માજી સુકાની રિકી પોન્ટિંગે કહ્યું હતું કે તેણે ઈન્ટરનેશનલ ક્રિકેટમાં સદી ફટકારી હોય તે દરેક બેટને પોતાની પાસે રાખ્યું છે અને તેની પર હરીફ ટીમનું નામ છે અને તેનો સ્કોર પણ તેણે લખ્યો છે. દિલ્હી કેપિટલ્સના મુખ્ય કોચ પોન્ટિંગ તેના યુગના શ્રેષ્ઠ બેટ્સમેનોમાંના એક હતો. તેણે યુવા ક્રિકેટરોને કિટ આપવા માટેની 'ડીપી વર્લ્ડ બિયોન્ડ બાઉન્ડ્રીઝ' પહેલના પ્રસંગે આ વાત કહી હતી.

2012માં ક્રિકેટમાંથી નિવૃત્તિ લેનાર પોન્ટિંગે 41 ટેસ્ટ સદી સહિત 71 આંતરરાષ્ટ્રીય સદી ફટકારી છે. પોન્ટિંગે કહ્યું, માનો કે ના માનો, મારું પહેલું બેટ પણ મારા ઘરે જ રાખવામાં આવ્યું છે. તેના પર સ્ટીકરો છે. મારા ઘરમાં લગભગ એક હજાર બેટ છે.

તેની યાદગાર ઈનિંગ્સમાં 2003ના વન ડે વર્લ્ડકપ ફાઈનલમાં ભારત સામે નોટઆઉટ 140 રનનો સમાવેશ થાય છે. તે સમયે ભારતીય ટીમના કેપ્ટન સૌરવ ગાંગુલી હવે દિલ્હી કેપિટલ્સનો ક્રિકેટ ડિરેક્ટર છે અને તે પણ આ પ્રસંગે હાજર હતો.

સુડોકુ - 'શ્રુતિ' ૪૯૯૬

		૮	૬	૭	૪	૧		૨
૯	૬		૮	૨	૫			
૪		૨	૩			૬		
૩		૭	૫					
				૪	૨			૩
૨	૧			૩			૬	
					૩	૯		૧
૧	૨	૫			૭	૩		
	૯	૩	૧				૪	

- અહીં એક ચોરસ આપ્યું છે. જેમાં નવ બોક્સ છે.
- દરેક બોક્સમાં નવ ખાનાં છે. દરેક બોક્સમાં એકથી નવ સુધીનો અંક આવવો જોઇએ. તેમજ મોટા ચોરસની દરેક આડી અને ઊભી લાઇનમાં પણ એકથી નવ સુધીનો અંક આવવો જોઇએ. કોઇ પણ અંક રહી ન જવો જોઇએ. તેમજ એકનો એક અંક ઊભી કે આડી કોઇપણ લાઇનમાં કે બોક્સમાં બીજીવાર વપરાવો જોઇએ નહીં.
- પઝલમાં આપેલા અંકમાં કોઇ ફેરફાર કરી શકશો નહિ.

૫	૪	૨	૬	૭	૮	૬	૭	૧
૬	૭	૬	૧	૭	૪	૫	૨	૮
૮	૧	૭	૬	૫	૨	૪	૭	૬
૪	૬	૫	૭	૬	૧	૭	૮	૨
૬	૮	૧	૨	૪	૭	૬	૫	૭
૭	૨	૭	૮	૬	૫	૧	૪	૬
૭	૫	૬	૧	૮	૬	૨	૧	૪
૧	૬	૪	૫	૨	૭	૮	૬	૭
૨	૭	૮	૪	૧	૬	૭	૬	૫

ડેગ્ગ૪-ગ્રફ્ઠ કોડ્રિ

રાફેલ નડાલ ઇગા સ્વીટેક અને આર્યના સબલેન્કા મેડ્રિડ ઓપનના બીજા રાઉન્ડમાં

આન્દ્રે રૂબેલેવ, ટોમી પોલ, ફેલિક્સ ઓગર, એલેના રિબાકીના, એશ્લીન ક્રુગરે પણ આગેકૂચ કરી

મેડ્રિડ, તા. 26 (એપી) મેડ્રિડ ઓપન ટેનિસમાં આજે શુક્રવારે ડિફેન્ડિંગ ચેમ્પિયન અને બે વખતની ઓસ્ટ્રેલિયન ઓપન વિજેતા આર્યના સબાલેન્કાએ પ્રથમ રાઉન્ડમાં મેગ્ડા લિનેટને 6-3, 4-6, 6-3થી હરાવી હતી. ટોચની ક્રમાંકિત ઈગા સ્વીટેક અને મેન્સ સિંગલ્સમાં રાફેલ નડાલે ગુરુવારે તેની પ્રથમ રાઉન્ડની મેચ જીતી લીધી હતી.

સબલેન્કાએ ગયા વર્ષે મેડ્રિડ ફાઈનલમાં સ્વીટેકને હરાવી હતી અને 2021માં પણ અહીં જીત મેળવી હતી. ચોથી ક્રમાંકિત એલેના રિબાકીનાએ લુસિયા બ્રોન્ઝેટ્ટીને 6-4, 6-3થી હરાવી હતી. જ્યારે અમેરિકાની એશ્લીન ક્રુગેરે એકટેરીના એલેક્ઝાન્ડ્રોવાને 6-3, 6-3થી હરાવી હતી. મેન્સ કેટેગરીમાં આ વર્ષે એટીપી ટૂરમાં તેની બીજી મેચ રમી રહેલા રાફેલ નડાલે તેના કરતા 21 વર્ષ નાના અમેરિકન યુવા ડાર્વિન બ્લેન્ચને 6-1, 6-0થી હરાવીને બીજા રાઉન્ડમાં પ્રવેશ કર્યો હતો. 14 વખતના ફ્રેન્ચ ઓપન ચેમ્પિયન નડાલની નજર આવતા મહિને યોજાનાર આ ગ્રાન્ડ સ્લેમમાં ટાઈટલ જીતવા પર છે. યા વર્ષે હિપનું ઓપરેશન કરાવનાર 22 વારના ગ્રાન્ડ સ્લેમ ચેમ્પિયને કહ્યું હતું કે 2024 તેનું પ્રવાસનું છેલ્લું વર્ષ હશે. અન્ય મેચોમાં આઠમો ક્રમાંકિત આન્દ્રે રૂબલેવે ફેકુન્ડો બાગ્નિસને 6-1, 6-4થી હરાવ્યો હતો. ટોમી પોલે ક્વોલિફાયર લુકાસ ક્લેઈન ઉપર 6-7, 6-1, 6-4થી જીત મેળવી હતી.

દાદીમાના નુસખા

મીનુ પરબીઆ - રયોમંદ પરબીઆ

શીમળો લાલ

ગઈકાલે કેસૂડાં ના ગુલકંદની રીત જોઈ. એજ રીતે શિમલા ના લાલ ફૂલોનો પણ ગુલકંદ બનાવી શકો છો. શાતા દાયક અને લોહી સ્રાવ અટકાવનાર, રતવા મટાડનાર છે.

આજનું પંચાંગ

તા. 27/04/2024, શનિવાર

વિક્રમ સંવત : 2080 **શાકે :** 1946
વીર સંવત : 2550 **માસ :** ચૈત્ર
તિથિ: વદ ત્રીજ 8.19 પછી ચોથ
અયન : ઉત્તરાયન **ઋતુ :** ગ્રીષ્મ
રાષ્ટ્રિય દિનાંક : વૈશાખ : 07
નક્ષત્ર : જયેષ્ઠા 28.29 સુધીમાં જન્મેલાની જયેષ્ઠાની અને તે પછી જન્મેલાની મૂળની શાંતિ કરાવવી
યોગ: પરિઘ **કરણ :** બવ
રાશિ : વૃશ્ચિક (ન.ય.) 28.29 પછી ધન (ભ.ધ.ફ.ઢ.) **દિવસ :** અશુભ, સંકષ્ટ ચતુર્થી, શુક્ર અસ્ત પૂર્વમાં
સુરતમાં સૂર્યોદય : 06:12 **સુરતમાં સૂર્યાસ્ત :** 19:00
નવકારસી : 07:00
પારસી વર્ષ : 1393, આદર માસનો 16 મો રોજ
મુસલમાન વર્ષ : 1445, શવ્વાલ માસનો 17 મો રોજ
દિવસનાં ચોઘડિયાં: કાળ, શુભ, રોગ, ઉદ્વેગ, ચલ, લાભ, અમૃત, કાળ
રાત્રિનાં ચોઘડિયાં: લાભ, ઉદ્વેગ, શુભ, અમૃત, ચલ, રોગ, કાળ, લાભ
રાહુ કાળ : સવારે 9:30 થી 11:00 સુધી

મેષ (અ.લ.ઇ.): જૂનાં દર્દો પરેશાન કરે. વડીલોની સલાહ ઉપયોગી રહેશે. મહત્વના કામમાં વિલંબ થાય.

વૃષભ (બ.વ.ઉ.): પરિવારના વડીલોના આરોગ્યની ચિંતા સતાવે. વાદ-વિવાદથી અશાંતિ પેદા થાય.

મિથુન (ક.છ.ઘ.): નોકરીમાં સાથીઓનો સાથ મળે. પડવા વાગવાથી સંભાળવું. આરોગ્ય નરમ રહે.

કર્ક (ડ.હ.): પ્રેમમાં વિવાહની વાત થઇ શકે છે. અચાનક શુભ સમાચાર મળે. પ્રવાસ થાય.

આપની આજ

જ્યોતિષાચાર્ય હંસરાજ

સિંહ (મ.ટ.): ઘરનાં સભ્યોના આરોગ્યની ચિંતા વધે. નાનાં સભ્યો માટે વિદ્યાભ્યાસનાં કામ થાય.

કન્યા (પ.ઠ.ણ.): પરિવાર, મિત્રો સાથે મનોરંજન પ્રવાસ થાય. અચાનક નવા કામની તક મળે.

તુલા (ર.ત.): પારિવારિક વ્યવસાયમાં અચાનક નવી તક મળે. આર્થિક પ્રગતિ થાય.

વૃશ્ચિક (ન.ય.): ઘરમાં મહેમાનોની અવરજવર વધશે. સામાજિક કામમાં વ્યસ્ત રહેવાનું થાય.

ધન (ભ.ધ.ફ.ઢ.): નોકરી ધંધા માટેના પ્રવાસમાં લાભ થાય. ધાર્મિક કાર્યક્રમોમાં જવાનું બને.

મકર (ખ.જ.): નવા રોકાણની યોજના બને. મિત્રોની મદદથી સામાજિક કામ પાર પડશે.

કુંભ (ગ.સ.શ.ષ.): આવકનાં નવાં સાધનો ઊભાં થાય. નોકરીમાં પ્રમોશન કે પગારવધારો થાય.

મીન (દ.ચ.ઝ.થ.): આયાત, નિકાસના કામમાં પ્રગતિ થાય. અચાનક સફળતાથી ઉત્સાહ વધશે.

કોઇ પણ સાલમાં 27 એપ્રિલે જન્મેલાનું વર્ષ ફળ

આજથી શરૂ થતું આપનું નવું વર્ષ ઉત્સાહજનક રહેશે. નોકરીમાં પ્રમોશન થાય. નવા ધંધા વ્યવસાયમાં મદદ મળે. સામાજિક કામમાં સંતોષ મળે. સંતાનોનાં કામ થાય. વડીલો, મિત્રોની મદદથી આવકનાં નવાં સાધનો ઊભાં થાય. વર્ષની શરૂઆતમાં નવા ઘર, વાહન, મકાનનાં કામ પાર પડે. વિદેશના કામ થાય. વિદેશમાં વિદ્યાભ્યાસની યોજના પાર પડે. ઉમરલાયકના વિવાહ થાય. નવી ટેકનોલોજીનો લાભ મળે. વિદ્યાર્થીઓને મદદ મળે. સરકારી કામ, કોર્ટ, કચેરી, વારસો, જાયદાદ, જમીન જેવા કામમાં કાયદાની મદદ મળે. આરોગ્ય બાબતે ચોક્કસ બનશો. નવા રોકાણમાં માર્ગદર્શન મળે. યાત્રા-પ્રવાસ, ધર્મ-કર્મથી શાંતિ મળે. વર્ષના મધ્યમમાં અચાનક સફળતા મળવાની શક્યતા રહેશે. માર્ચ-એપ્રિલ તથા ઓક્ટોબર-નવેમ્બરમાં ભાગ્યનો સાથ મળે. ડિસેમ્બર-જાન્યુઆરીમાં અશાંતિ વધશે.

શબ્દગુંફન - ૬૬૫૦

અરવિંદ એસ. મારૂ



આડી ચાવી
૧. પૃથ્વીનો ગોળો (૩)
૪. સતેજ કરવું તે (૩)
૬. થોડું ઘણું કાપવું તે (૪)
૮. હાથી (૨)
૧૦. હસવા યોગ્ય (૪)
૧૨. વગાડવું તે (૩)
૧૩. ચોકીદાર (૪)
૧૫. માબાપ (૪)
૧૮. જંગલી (૨)
૧૯. હાથીના જેવી ડોલતી ચાલવાળી (૫)
૨૨. હંમેશ, કાયમ (૪)
૨૪. અંધકાર (૩)
૨૫. સ્વામી, શેઠ (૩)
૨૭. ચહેરો, મોં (૨)
૨૯. જોડકું (૩)
૩૧. સમાન (૩)
૩૨. કારીગરી (૪)

ઊભી ચાવી
૨. દૂધ, દહીં વગેરે (૩)
૩. ક્રોધ, નાશકારક આફત (૨)
૪. દીવો (૨)
૫. રોકડું (૩)
૬. શરીર, દેહ (૨)
૭. ઝૂંપડી, મઢી (૩)
૯. પિતા (૩)
૧૦. ઘોડો (૨)
૧૧. અવાજ વગરનું, શાંત (૩)
૧૨. રંગ, વર્ણ (૨)
૧૩. કિંમત, મૂલ્ય (૨)
૧૪. કમળ (૩)
૧૫. અભિમાની (૨)
૧૬. એક ફૂલ(૩)
૧૭. જમીન, ધરતી (૨)
૧૮. ઘોડાવાળો (૩)
૧૯.મનનું વલણ (૨)
૨૦. અસાવધાની (૫)
૨૧. આસમાની (૨)
૨૨. આનંદી (૪)
૨૩. શ્વાસ (૨)
૨૬. ઓછું (૨)
૨૮. કુદરતી બરફના કકડા (૨)
૩૦. થોડાવાળની સેર (૨)

૦૫૬૬- ગ્રફ્ઠ મર્ફોટ્ઝાઇ

આર્ચરી વર્લ્ડ કપ : દીપિકા કુમારી કોરિયાની જીઓનને હરાવી સેમીફાઈનલમાં પ્રવેશી

જ્યોતિ અને અભિષેકની કમ્પાઉન્ડ મિક્ષ્ડ ટીમ ફાઇનલમાં પ્રવેશતાં ભારતીય તીરંદાજોએ ચાર મેડલ નિશ્ચિત કર્યા

શાંઘાઈ, તા. 26 (પીટીઆઇ) : માજી વર્લ્ડ નંબર વન તિરંદાજ દીપિકા કુમારીએ માતા બન્યા પછી પણ તેના શાનદાર પ્રદર્શનને જાળવી રાખીને અહીં કોરિયાની જીઓન હુન્યોંગને હરાવીને તીરંદાજી વર્લ્ડકપના પ્રથમ તબક્કાની સેમિફાઇનલમાં પ્રવેશ કર્યો, જ્યારે કમ્પાઉન્ડ તીરંદાજોએ ભારતનો ચોથો મેડલ પાકો કર્યો હતો.

વિશ્વ રેન્કિંગમાં 142માં સ્થાને સરકી ગયેલી ત્રણ વખતની ઓલિમ્પિયન દીપિકાએ જિયોનને 6-4 (27. 28, 27. 27, 29. 28, 29. 27, 28. 28)થી હરાવી હતી. હવે તેનો મુકાબલો સેમિફાઇનલમાં કોરિયાની નામ સુહ્યોન સામે થશે. આ પહેલા જ્યોતિ સુરેખા વેન્નમ અને અભિષેક વર્માની કમ્પાઉન્ડ મિક્ષ્ડ ટીમ ફાઇનલમાં પ્રવેશી હતી. વિશ્વની બીજા નંબરની ટીમે પાંચ જ પોઇન્ટ ગુમાવીને મેક્સિકોની એન્ડ્રીયા બેસેરા અને લોટ્ટે મેક્સિમો મેન્ડેઝ ઓર્ટીઝ સામે 155-151થી જીત મેળવી હતી. હવે તેમનો સામનો એસ્ટોનિયા સામે થશે. બુધવારે ફાઇનલમાં પહોંચેલી મહિલા કમ્પાઉન્ડ ટીમમાં પણ જ્યોતિનો સામેલ છે. એશિયન ગેમ્સની ગોલ્ડ મેડલ વિજેતા જ્યોતિ મેડલની હેટ્રિક કરવાની રેસમાં છે.

ભારતીય તીરંદાજો ચાર ટીમ ઈવેન્ટની ફાઇનલમાં પહોંચ્યા હતા અને જ્યોતિ અને પ્રિયાંશ કમ્પાઉન્ડ વ્યક્તિગત કેટેગરીમાં સેમિફાઈનલમાં પહોંચ્યા બાદ મેડલની રેસમાં છે. ભારતીય ટીમ કમ્પાઉન્ડ મેન્સ, વિમેન્સ, મિક્સ્ડ અને મેન્સ રિકર્વ ટીમ ઈવેન્ટ્સની ફાઇનલમાં પહોંચી છે. ચોથી ક્રમાંકિત ભારતીય રિકર્વ મિક્ષ્ડ ટીમ અંકિતા ભકત અને ધીરજ બોમ્માદેવરાને સેમિફાઇનલમાં ટોચના ક્રમાંકિત કોરિયાની લિમ અને કિમ વુજિનની જોડી સામે 0-6થી હારી હતી. હવે તેઓ બ્રોન્ઝ મેડલ માટે મેક્સિકો સામે રમશે.

નેત્રા કુમાનને સેલિંગમાં ભારત માટે બીજો પેરિસ ઓલિમ્પિક ક્વોટા મેળવ્યો

'ઇમર્જિંગ નેશન્સ પ્રોગ્રામ' બેનર હેઠળ મહિલા ડીંગીમાં સ્પર્ધા કરીને નેત્રાએ આ ક્વોટા હાંસલ કર્યો

નવી દિલ્હી, તા. 26 (પીટીઆઈ) : નેત્રા કુમાનને શુક્રવારે ફ્રાન્સના હેરેસમાં 'લાસ્ટ ચાન્સ રેગાટ્ટા' ઓલિમ્પિક્સ ક્વોલિફાયરમાં ભારત માટે બીજો પેરિસ ઓલિમ્પિક ક્વોટા મેળવ્યો હતો. નેત્રા, જેણે ત્રણ વર્ષ પહેલા ટોક્યો ઓલિમ્પિકમાં ભાગ લીધો હતો, તેણે 'ઇમર્જિંગ નેશન્સ પ્રોગ્રામ' બેનર હેઠળ મહિલા ડીંગી (ILCA 6)માં સ્પર્ધા કરતી વખતે આ ક્વોટા હાંસલ કર્યો હતો.

નેત્રા 67 નેટ પોઈન્ટ સાથે એકંદર લીડરબોર્ડ પર પાંચમા સ્થાને રહી હતી. જો કે, તેણે 'ઇમર્જિંગ નેશન્સ પ્રોગ્રામ' હેઠળ સેઈલિંગમાં ટોચ પર રહીને ક્વોટા હાંસલ કર્યો હતો. આ કાર્યક્રમ દ્વારા, રમત ગવર્નિંગ બોડી 'વર્લ્ડ સેઈલિંગ'નો ઉદ્દેશ્ય એવા દેશોના સેઈલર્સને મદદ કરવાનો છે જેઓ આ રમતમાં વધુ રમતા નથી. વિમેન્સ ડીંગીમાં, ટોચના ત્રણ ખેલાડીઓ કે જેમણે પ્રથમ ઓલિમ્પિક ક્વોટા મેળવ્યો હતો તેમાં રોમાનિયાની એબ્રુ બોલાત, સાયપ્રસની મેરિલેના માકરી અને સ્લોવેનિયાની લિન પ્લેટિકોસ સામેલ હતી.

ઓલિમ્પિક્સ શૂટીંગ ટ્રાયલ્સ : સિફત કૌર સામરા પેરિસની રેસમાં આગળ

ઐશ્વર્ય પ્રતાપ સિંહ તોમરે પણ પુરષોની રાઇફલ 3 પોઝિશન્સની ટી2 ફાયનલ જીતી, આજે ચાર ફાઇનલ રમાશે

નવી દિલ્હી, તા. 26 (પીટીઆઈ) : શુક્રવારે અહીં ડૉ. કરણી સિંહ શૂટિંગ રેન્જમાં મહિલાઓની 50 મીટર રાઈફલ 3 પોઝિશન્સ (3P)માં સિફત કૌર સમરાએ ચાર ઓલિમ્પિક સિલેક્શન ટ્રાયલ્સ (ઓએસટી) હરીફોને હરાવીને સતત સ્પર્ધાઓમાં જીત મેળવી હતી. ઐશ્વર્ય પ્રતાપ સિંહ તોમરે પણ ઓએસટીમાં વિજેતા તરીકે પ્રવેશ કર્યો હતો. તેણે પુરુષોની 3P T2 ફાઈનલ જીતી હતી.

હાલની એશિયન ગેમ્સ ચેમ્પિયન, વર્લ્ડ રેકોર્ડ હોલ્ડર અને છેલ્લા ઘણા સમયથી મહિલા 3Pમાં ભારતની નંબર વન ખેલાડી સિફતે ઓએસટી T2 ફાઈનલમાં 465.1 સ્કોર કર્યો. આ રીતે તેણીએ બીજા સ્થાને રહેલી આશિ ચોકસીને 2.4 થી પછાડી હતી. શૂટઓફ બાદ અંજુમ મોદગીલ ત્રીજા સ્થાને રહી હતી. સિફતે બુધવારે મહિલાઓની 3P ઓએસટી T1 પણ જીતી હતી. હવે ઓએસટી 3 અને 4 આવતા મહિને ભોપાલમાં થશે.

ઐશ્વર્ય તોમર પુરુષોની 3પી ઓએસટી T2 ફાઈનલમાં 463.6 પોઈન્ટ સાથે વિજેતા રહ્યો હતો. અહીં ચાલી રહેલા ટ્રાયલ્સના આઠમા દિવસે પુરૂષો અને મહિલાઓની 10 મીટર એર રાઈફલ અને એર પિસ્તોલ T2 ક્વોલિફિકેશન રાઉન્ડમાં નેન્સીએ પોતાનું શાનદાર ફોર્મ ચાલુ રાખ્યું હતું. તે મહિલા એર રાઈફલ ઈવેન્ટમાં 633.1ના સ્કોર સાથે ટોપ પર રહી હતી. મેન્સ ઈવેન્ટમાં સંદીપ સિંહ 632.6 પોઈન્ટ સાથે ટોપ પર રહ્યો હતો. રિધમ સાંગવાન 584 પોઈન્ટના સ્કોર સાથે મહિલા એર પિસ્તોલમાં ટોચ પર છે જ્યારે સરબજોત સિંહ 581 પોઈન્ટ સાથે પુરુષોની એર પિસ્તોલ ક્વોલિફિકેશનમાં ટોચ પર છે. ચારેય ફાઈનલ શનિવારે યોજાશે.

અનુસંધાન... પાના પહેલાનું

અમેરિકામાં પોલીસે...

પ્રાથમિક તપાસ મુજબ, 21 એપ્રિલના રોજ સાંજે 6:30 વાગ્યા પહેલા, અધિકારીઓને સાન એન્ટોનિયોમાં ચેવિઓટ હાઈટ્સના એક ઘરમાં ઘાતક હથિયારથી ઉગ્ર હુમલા અંગેના અહેવાલ મળ્યા હતા જેના પગલે તેઓ ત્યાં ધસી ગયા હતા, એમ પોલીસ વિભાગે જણાવ્યું હતું.

ઘટના સ્થળ પર અધિકારીઓને એક 51 વર્ષીય મહિલા મળી, જેને ઈરાદાપૂર્વક વાહન દ્વારા ટક્કર મારવામાં આવી હતી. શંકાસ્પદ સાહૂ સ્થળ પરથી ભાગી ગયો હતો. પીડિતાને ગંભીર હાલતમાં સ્થાનિક હોસ્પિટલમાં ખસેડવામાં આવી હતી. સાન એન્ટોનિયો પોલીસ ડિટેક્ટિવ્સે તે ઘટનામાં સાહૂની ધરપકડ માટે વોરંટ જારી કર્યું હતું.

કેટલાક કલાકો પછી, પડોશીઓએ પોલીસને ફોન કરીને જાણ કરી કે સાહૂ ઘટના સ્થળે પાછો ફર્યો છે. જ્યારે પોલીસે સાહુ પાસે જવાના પ્રયાસ કર્યા તેણે તેની બીએમડબ્લુ એસયુવી સાથે બે અધિકારીઓને ટક્કર મારી. એક અધિકારીએ પિસ્તોલથી સાહૂ પર ગોળી ચલાવી હતી, સાહુને 'ઘટના સ્થળ પર મૃત જાહેર કરવામાં આવ્યો' હતો.